પાલિકાની ટ્રી ઓથોરિટી પર મૂકવામાં આવેલા પ્રતિબંધને દૂર કરવાનો હાઇ કોર્ટનો ઇનકાર

મુંબઈઃ શહેરમાં વિકાસ પ્રકલ્પો અથવા સમારકામ અથવા નૂતનીકરણ કરવા માટે વૃક્ષો કાપવાની પરવાનગી આપતા ટ્રી ઓથોરિટીના કાર્ય પર મુકાયેલા સ્ટેને રદ કરવાની માગણી સાથે કરાયેલી પાલિકાની અરજી મુંબઈ હાઇ કોર્ટે બુધવારે ફગાવી દીધી હતી. તેમ છતાં કોર્ટે આરે કોલોનીમાં પ્રસ્તાવિત મેટ્રો કાર શેડ અથવા તે સંબંધિત કાર્ય માટે વૃક્ષો કાપવા માટે પાલિકાને અટકાવવાનો ઇનકાર કર્યો હતો.

મુંબઈ મેટ્રો કોર્પોરેશન લિ., પાલિકા અને પર્યાવરણ માટે કાર્ય કરતા કાર્યકર ઝોરુ ભાતેના દ્વારા કરાયેલી અરજીઓ પરની સુનાવણી દરમિયાન હાઇ કોર્ટે ઉક્ત નિર્ણયો લીધા હતા. ટ્રી ઓથોરીટી સંબંધિત વિવિધ રાહતો આપવાની માગણી સાથે આ અરજીઓ કરાઇ હતી.

ચોથી ઓક્ટોબર, ૨૦૧૮ના હાઇ કોર્ટે ટ્રી ઓથોરિટી પર તેની પાસે કોઇ સ્વતંત્ર નિષ્ણાત અથવા નોમિનેટેડ સભ્યો ન હોય ત્યાં સુધી વૃક્ષ કાપવા માટેની અરજીઓ પર નિર્ણય લેવાનો પ્રતિબંધ મૂક્યો હતો. ત્યાં સુધી પાલિકા કમિશનર તાકીદની પરિસ્થિતિ માટે નિર્ણય લેશે, એમ કોર્ટે કહ્યું હતું. ભાતેનાની અરજી પર ઉક્ત આદેશ આપવામાં આવ્યો હતો. તેની અરજીમાં ટ્રી ઓથોરિટી પાસે મ્યુનિસિપલ કાઉન્સિલર્સ અને સ્વતંત્ર નિષ્ણાત ન હોવાનું જણાવાયું હતું. પાલિકાએ બુધવારે કોર્ટને જણાવ્યું હતું કે તેણે ટ્રી ઓથોરિટી માટે ચાર સ્વતંત્ર નિષ્ણાતની પસંદગી કરી છે. તેથી તેને કાર્યાન્વિત કરવાની પરવાનગી આપવામાં આવે. (પીટીઆઇ)■

નવી એસી લોકલ આવશે, સર્વિસ નહીં વધે

મુંબઈઃ ઉનાળાના દિવસોમાં એસી (એર કન્ડિશન્ડ) લોકલ સુપરહિટ સાબિત થયા પછી વધુ રેક (ઈલેક્ટ્રિકલ મલ્ટિપલ યુનિટ-ઈએમયુ એસી) પશ્ચિમ રેલવેના કાફલામાં ઉમેરવામાં આવશે, પરંતુ હાલની રેકને મેઈન્ટેનન્સ માટે મોકલવામાં આવતા વધુ નવી સર્વિસ વધારવામાં આવશે નહીં, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

હાલના તબક્કે ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ)માં નવી એસી લોકલ બનાવવાની કામગીરી પાર પાડવામાં આવી છે, જે મે મહિનાના અંત સુધીમાં વિરાર કારશેડમાં આવશે.

જોકે દર અઢાર મહિને સામાન્ય લોકલની માફક એસી લોકલના મેઈન્ટેનન્સ (પિરિયોડિક ઓવરહોલ-પીઓએચ) માટે મોકલવામાં આવતી હોવાથી નવી રેક આવ્યા પછી પણ નવી સર્વિસ વધારવાની કોઈ શક્યતા નથી. આઈસીએફમાં બનાવવામાં આવી હોવા છતાં તેમાં અત્યારની જૂની રેકના ઈલેક્ટ્રિકલ્સ સ્પેરપાર્ટસ ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ) દ્વારા બનાવાયા છે. એ રેક મળ્યા પછી મધ્ય રેલવેમાં એ જ પ્રકારની ઈએમયુ મોકલવામાં આવશે, એવું પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

પાણી વગરના માટલા.... રાજ્યમાં હાલના ઉનાળામાં દુકાળ જેવી સ્થિતિ સર્જાઇ છે અને પાણી માટે લોકોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે માટલા વેચવા નીકળેલી આ વ્યક્તિ પાણી વગરના માટલા દ્વારા રાજ્યની સ્થિતિ દર્શાવતી હોય એવું લાગે છે. (નિકોલસ ચાર્ડે)

'સખી' વૉટ્સએપ ગ્રુપને કારણે વિરાર લોકલમાં 'ડોરબ્લોક' કરવાનું થયું બંધ

▶ આઠ ગ્રુપ હોવા છતાં મહિલાઓની સંખ્યા વધી તો વધુ નવા ગ્રુપ બનાવાશેઃ આરપીએફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિરારથી ચર્ચગેટની લોકલ ટ્રેનમાં નિયમિત રીતે ડોરબ્લોક કરીને પરેશાન મહિલાઓએ સખી વોટ્સએપ ગ્રુપ પર ફરિયાદ કરતા તેનું નિરાકરણ લાવવામાં સફળતા મળી હોવાનું આરપીએફની મહિલા અધિકારીએ જણાવ્યું હતું. વિરારમાં સૌથી વધારે લોકલ ટ્રેનમાં દરવાજો બ્લોક કરવાની ફરિયાદ મળતી હતી. આ બાબતમાં વોટ્સએપ પર ફરિયાદ મળ્યા બાદ તેનું પોલીસ પ્રશાસન દ્વારા ચેકિંગ કર્યા બાદ મહિલાઓને પજવનારી મહિલાઓને પાઠ ભણાવવામાં આવ્યો હતો.

જોકે, પશ્ચિમ રેલવેમાં મહિલા પ્રવાસીઓને ઈમર્જન્સીમાં મદદ કરવા માટે શરૂ કરાયેલા વૉટ્સએપ ગ્રુપ હજુ પણ લોકોમાં જાગૃતિ ફેલાઈ નહીં હોવાથી વધુ પડતો ઉપયોગ કરવામાં આવતો નથી, પરંતુ નિયમિત રીતે મહિલા પ્રવાસીઓ ક્યારેક ક્યારેક ઉપયોગ કરતી હોય છે તથા આરપીએફ પ્રશાસન તરફથી બનતી તમામ મદદ કરવામાં આવતી હોવાનું આરપીએફના મહિલા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય સ્તરે પ્રવાસીની ઈમર્જન્સીમાં મદદ કરવા માટે રેલવેનો ૧૮૨ હેલ્પલાઈનનો નંબર હોવા છતાં ખાસ મહિલાઓ પ્રવાસીઓની મદદ માટે ૯૦૦૪૪૪૯૬૯૮ નંબર પર 'સખી' નામે ગ્રુપ બનાવ્યું હતું. ■

ક્રાઈમ કોર્નર

ટ્રકે મારેલી ટક્કરમાં બે બહેનનાં મોત

નાગપુરઃ ટ્રકે સ્કૂટરને મારેલી ટક્કરમાં બે બહેનોનાં મોત નીપજ્યાં હોવાની ઘટના બુધવારે સવારે નાગપુર જિલ્લામાં બની હતી. કલમના પોલીસના જણાવ્યા મુજબ ઘટના સવારે ૭ વાગ્યાની આસપાસ પારડી વિસ્તાર એક મંદિર નજીક બની હતી. બન્ને બહેન દૂધ ખરીદવા માટે સ્કૂટર પર જઈ રહી હતી ત્યારે પાછળથી પૂરપાટ વેગે આવેલી ટ્રકે સ્કૂટરને ટક્કર મારી હતી. સ્કૂટર પરથી જમીન પર પટકાયેલી બહેનો પરથી ટ્રક ફરી વળી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલી બહેનોની ઓળખ લક્ષ્મી શાહુ (૨૧) અને આંચલ શાહુ (૧૯) તરીકે થઈ હતી. બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. *(પીટીઆઈ)*

છ લાખના ગાંજા સાથે શખસ પકડાયો

થાણેઃ થાણે નજીકના મુંબ્રા વિસ્તારમાંથી પોલીસે અંદાજે છ લાખ રૂપિયાના ગાંજા સાથે ૩૫ વર્ષના શખસની ધરપકડ કરી હતી. મળેલી માહિતીને આધારે પોલીસે મંગળવારે રાતે છટકું ગોઠવી મુંબ્રા ટોલ નાકા નજીકથી ઈરશાદ ઈકબાલ ઈનામદારને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ૩૯.૭ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હોવાનું પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું. આરોપી વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. *(પીટીઆઈ)*

બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનારાને સાત વર્ષની જેલ

ભાયંદરઃ મીરા રોડમાં બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાના કેસમાં થાણે સેશન્સ કોર્ટે આરોપીને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. સેશન્સ જજ પટવર્ધને આરોપી સુનીલ ઉર્ફે સાહિલ રામપ્રકાશ ઉપાધ્યાય (૩૦)ને દોષી ઠેરવ્યો હતો. મીરા રોડના કાણકિયા વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં રહેતા બાળક સાથે ૨૦૧૫માં સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરાયું હતું. બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં રમી રહેલા બાળકને આરોપી વાતચીતને બહાને વૉચમેનની રૂમમાં લઈ ગયો હતો, જ્યાં તેની સાથે કુકર્મ આચર્યું હતું. આ પ્રકરણે મીરા રોડ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. મીરા રોડ પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર એસ. બી. કદમે આરોપી વિરુદ્ધ કોર્ટમાં સબળ પુરાવા રજૂ કર્યા હતા.

હત્યાના કેસમાં આરોપીને જનમટીપ

ભાયંદરઃ નાલાસોપારામાં મામાના પુત્રની હત્યા કરવાના કેસમાં આરોપીને કોર્ટે જનમટીપની સજા ફટકારી હતી. મુંબઈના ગોવંડી વિસ્તારમાં રહેતા આરોપી ઈન્કલાબ શેખ (૩૪)ને વસઈ સેશન્સ કોર્ટે દોષી જાહેર કર્યો હતો. નાલાસોપારા પશ્ચિમમાં રહેતી ફરિયાદી મહિલાને ઘેર ૧૯ ઑગસ્ટ, ૨૦૧૩ના રોજ બે દિવસ માટે નણંદ અને તેનો પુત્ર ઈન્કલાબ રહેવા આવ્યાં હતાં. ફરિયાદીનો પુત્ર અને આરોપી શેખ રાતે એક ગાળામાં સૂતા હતા. તે દરમિયાન બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. રોષમાં આવી આરોપીએ મૃતકની ડોક પર હથોડી ફટકારી હતી, જેને કારણે તેનું મૃત્યુ થયું હતું. આ કેસમાં નાલાસોપારા પોલીસે બીજે દિવસે આરોપીની ધરપકડ કરી હતી. સબળ પુરાવાને આધારે કોર્ટે આરોપીને જનમટીપ અને ૧૦ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી હતી.

મધ્ય પ્રદેશમાં અપહરણ-હત્યાના કેસમાં ફરાર આરોપી દીવાથી પકડાયા

મુંબઈઃ મધ્ય પ્રદેશમાં અપહરણ અને હત્યાના અલગ અલગ કેસમાં ફરાર બે આરોપીને થાણે નજીકના દીવા ખાતેથી પકડી પાડવામાં આવ્યા હતા. થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ના સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન ઠાકરેની ટીમે મધ્ય પ્રદેશ પોલીસ સાથે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી દીવા રેલવે સ્ટેશન નજીકના વિસ્તારમાંથી પુષ્પેન્દ્રસિંહ ચંડેલસિંહ પરમાર (૩૧) અને શિવમ પ્રીતિપાલ સિંહ (૨૨)ને પકડી પાડ્યા હતા. બન્ને આરોપીને વધુ તપાસ માટે મધ્ય પ્રદેશ પોલીસને સોંપાયા હતા. મધ્ય પ્રદેશના દતિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના કેસમાં પોલીસ શંકાસ્પદ આરોપી તરીકે પરમાર અને સિંહને શોધી રહી હતી. બન્ને જણ થાણેમાં હોવાની માહિતી મળતાં મધ્ય પ્રદેશ પોલીસ થાણે પહોંચી હતી. શનિવારે પકડાયેલા બન્ને આરોપી વિરુદ્ધ મધ્ય પ્રદેશના જ દવોહ થાના પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયેલો હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું હતું. ફરાર આરોપીઓ સામે મધ્ય પ્રદેશ સરકારે ૧૦-૧૦ હજાર રૂપિયાનું ઇનામ પણ જાહેર કર્યું હતું.

૧૧ ગુનામાં સંડોવાયેલો રીઢો આરોપી અંધેરીથી પકડાયો

મુંબઈઃ પવઈમાં ગૅરેજના સિક્યોરિટી ગાર્ડને લૂંટવાના કેસમાં ૧૧ જેટલા ગુનામાં સંડોવાયેલા રીઢા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ વિનોદ કાળે (૩૯) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે તેને પવઈ પોલીસને સોંપાયો હતો. પવઈમાં મારવાહ રોડ પરના ગૅરેજના સિક્યોરિટી ગાર્ડને ૮ મેની રાતે સાડાઅગિયાર વાગ્યાની આસપાસ ચાકુની ધાકે ચાર જણે બાનમાં લીધો હતો. તેના ખીસામાંથી ૨૩ હજાર રૂપિયા કાઢી લેનારા ચાર જણ વિરુદ્ધ પવઈ પોલીસે ગુનો નોંધ્યો હતો. લૂંટ ચલાવનારી ટોળકીનો સૂત્રધાર રીઢો આરોપી કાળે હોવાનું જાણવા મળતાં યુનિટના સિનિયર ઈન્સ્પેક્ટર અનિલ માનેની ટીમે તેની શોધ હાથ ધરી હતી. અંધેરી પૂર્વના એમઆઈડીસી વિસ્તારમાં મિલિટરી રોડ પર કાળે આવવાનો હોવાની માહિતી મળતાં મંગળવારે છટકું ગોઠવી તેને પકડી પાડવામાં આવ્યો હતો. તેની વિરુદ્ધ મુંબઈનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી, લૂંટ, હત્યાના પ્રયાસ અને આર્મ્સ ઍક્ટ હેઠળ ૧૧ ગંભીર ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું. ■

મુંબઈ-અમદાવાદ 'મોત' કા હાઇવે

▶ ડિવાઇડરો તોડી ગેરકાયદે યુ-ટર્ન બનાવવાને કારણે થાય છે અકસ્માતો

મુંબઈઃ કોઇ પણ હાઇવે બનાવતી વખતે કેટલીક જગ્યાએ વાહનોને યુ-ટર્ન લેવા માટેની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે, પરંતુ આ વ્યવસ્થાને કારણે હાઇવે પરના ઢાબા-હૉટેલો અને પેટ્રોલપંપધારકોને નુકસાન થતું હોવાને કારણે તેઓ સત્તાવાળા અધિકારીઓને લાંચ આપીને ડિવાઇડર જ તોડી અથવા દૂર કરી નાખતા હોય છે.

મુંબઈ-અમદાવાદ હાઇવે પર આવા યુ-ટર્ન અનેક જગ્યાએ બનાવી દેવામાં આવ્યા છે અને તે જ અકસ્માતનું કારણ બની રહ્યા છે. દરેક બે દિવસે અકસ્માત થઇ રહ્યા છે, લોકોના જીવ જઇ રહ્યા છે છતાં આ તરફ નજર અંદાજ કરવામાં આવી રહ્યો છે.

સ્વતંત્ર લેન નથી

હાઇવે પર અમુક અંતરે યુ-ટર્ન માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. ત્યાં વાહનોને ઊભા રાખવા માટે અમુક જગ્યા રાખવામાં આવતી હોય છે જેથી પાછળથી આવતા વાહનોને તે નડે નહીં અને અકસ્માત થાય નહીં, પરંતુ આ હાઇવે પર લેન બનાવવામાં આવી નથી તથા ડિવાઇડરો તોડી મૂકવાને કારણે અકસ્માત થઇ રહ્યા છે.

આંબોલી ખાતે પેટ્રોલપંપ નજીક બાઇકવાળો રસ્તો ઓળંગી રહ્યો હતો ત્યારે મુંબઈથી ગુજરાત જઇ રહેલી પૂરવેગે આવી રહેલી કાર તથા ગુજરાતથી મુંબઈ તરફ આવી રહેલી કાર વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. આ ઘટનામાં છ જણનાં ઘટનાસ્થળે મોત તથા બે જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ અકસ્માતને કારણે મુંબઈ-અમદાવાદ હાઇવેનો વાહનવ્યવહાર પણ અમુક સમય માટે ખોરવાયો હતો. આ ઘટના બાદ ૧૩મી મેના રોજ સોમવારે ફરી સવારે ૧૧ કલાકે તલાસરીના વડવણી ગામ નજીક બે બાઇકની ટક્કર થઇ હતી. આવા અકસ્માતો હવે સામાન્ય થઇ ગયા હોઇ પ્રવાસીઓને જીવના જોખમે પ્રવાસ કરવો પડી રહ્યો છે. ■

તો મેટ્રો-૪નો ખર્ચ ત્રણગણો વધીને ₹ ૪૫,૦૦૦ કરોડ થશે

મુંબઈઃ મુંબઇ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જો મેટ્રો-૪ (વડાલાથી કાસારવાડવલી) લાઇનને ભૂગર્ભ માર્ગે લવાશે તો એનો ખર્ચ ત્રણગણો વધીને રૂ. ૪૫,૦૦૦ કરોડ થશે.

થાણેના એક એનજીઓએ મુંબઇની વડી અદાલતમાં મેટ્રો-૪ લાઇનને અંડરગ્રાઉન્ડ (ભૂગર્ભ માર્ગે) કરવાની માગણી કરતી અરજી દાખલ કર્યાના એક દિવસ બાદ એમએમઆરડીએએ ઉપરોક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

મુંબઇથી થાણેને જોડતી ૩૨.૩૨ કિ. મી. લાંબી મેટ્રો-૪ લાઇન એલિવેટેડ કોરિડોર છે અને એમએમઆરડીએએ આ લાઇનનું કામ શરૂ કરી દીધું છે.

એમએમઆરડીએના નિવેદનમાં જણાવાયું હતું કે મેટ્રો-૪ લાઇનને જો ભૂગર્ભ માર્ગે લવાશે તો એનો ખર્ચ (રૂ.૧૫૦૦૦ કરોડ)થી ત્રણગણો વધીને રૂ.૪૫૦૦૦ કરોડ થશે. આ સિવાય એમએમઆરડીએ બાર અન્ય કોરિડોર પર પણ કામ કરી રહ્યું છે અને એ માટે વધુ ફંડની જરૂર પડશે.

થાણેના એનજીઓએ જણાવ્યું હતું કે અમે એપ્રિલમાં દાખલ કરેલી અરજીમાં કોર્ટને જણાવ્યું હતું કે એલિવેટેડ કોરિડોરને લીધે ટ્રાફિકની સમસ્યા વકરશે, અનેક ઝાડો કાપવા પડશે અને અનેક રહેવાસીઓને અન્યત્ર વસાવવા પડશે. એનજીઓએ આરટીઆઇમાં માગેલી માહિતી પ્રમાણે એમએમઆરડીએએ ૨૦૧૮માં અસરગ્રસ્ત લોકો સાથે આ મામલે બેઠક યોજી હતી અને એમાં ૨૬૦ લોકોએ ભાગ લીધો હતો, પણ આ આંકડો અસંગત છે. એ જ આરટીઆઇ પ્રમાણે એમએમઆરડીએ ૧૧૭૦ વિસ્થાપિત લોકોના પુનર્વસવાટ માટે વ્યવસ્થા કરી રહી છે. એક સમાજસેવિકાએ જણાવ્યું હતું કે નગરસેવકોને પણ આ બેઠક વિશે માહિતી નથી. મેટ્રો-૩ વખતે દરેક સ્ટેશન વખતે લોકોનો અભિપ્રાય માગવામાં આવ્યો હતો.

એક સ્થાનિક વિધાનસભ્યએ જાહેર કરેલા નિવેદનમાં લોકોને જણાવાયું હતું કે મેટ્રો-૪નો વિરોધ કરવાનો અર્થ વિકાસનો વિરોધ કરવો થશે. ગમે તે મુદ્દા હોય, પણ એ પ્રશાસન સાથે ચર્ચા કરીને ઉકેલવા જોઇએ. આ કામમાં અડચણ ઊભી કરીને થાણેમાં મેટ્રો લાવવાની દાયકાની મહેનત પર પાણી ન ફેરવવાની હું લોકોને વિનંતી કરું છું.

દરમિયાન, પવઇના રહેવાસીઓ પણ મેટ્રો-૬ (સ્વામી સમર્થનગરથી વિક્રોલી)ને ભૂગર્ભમાર્ગે લાવવાની માગણી કરી રહ્યા છે.

એમએમઆરડીએએ મેટ્રો-૬નું કામ શરૂ કરી દીધું છે અને ૨૧મી મેને દિવસે એમણે જાહેર બેઠક બોલાવી છે. મેટ્રો૨બી (ડીએન નગરથી મંડાલે) લાઇનને ભૂગર્ભ માર્ગે લાવવા માટે પશ્ચિમી પરાંના રહેવાસીઓ કોર્ટમાં કેસ લડી રહ્યા છે. (એજન્સી)■

યુનિવર્સિટીની લાઇબ્રેરી વિદ્યાર્થીઓ માટે જોખમી

કલિના કેમ્પસમાં નવી લાઇબ્રેરીનું નિર્માણ થઇ ગયું હોવા છતાં શિફ્ટિંગ અટક્યું છે

મુંબઇઃ મુંબઇ યુનિવર્સિટીના કલિના કેમ્પસમાં એક વર્ષ પહેલા નવી લાઇબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું હોવા છતાં પણ જૂની અને જર્જરિત લાઇબ્રેરીનો વપરાશ કરવામાં આવી રહ્યો હોવાથી લાઇબ્રેરીમાં નિયમિતરૂપે ભણતા વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

મુંબઇ યુનિવર્સિટી લાઇબ્રેરીને નવી ઇમારતમાં સ્થળાંતર કરવા માટે અકસ્માતની રાહ જોઇ રહી હોય એવો કટાક્ષ ભૂતપૂર્વ સેનેટ સભ્યએ કર્યો હતો. વર્ષ ૨૦૧૪ના સપ્ટેમ્બર મહિનામાં યુનિવર્સિટીના ઇમારતની સી વિંગમાં સ્લેબ પડ્યો હોવાથી તેને બંધ કરવામાં આવી હતી.

ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી કલિના કેમ્પસના જવાહરલાલ નહેરુ નોલેજ સેન્ટર જર્જરિત અવસ્થામાં હોવાથી આવી દુર્ઘટના ન બને તેવો ભય વિદ્યાર્થીઓને સતાવી રહ્યો છે. સી વિંગની ઘટના બાદ ઇમારતના અન્ય ભાગોને જોખમી જાહેર કરવામાં આવ્યા ન હોવા છતાં પણ જોખમ કરતાં ઓછું નથી, તેવું એક વિદ્યાર્થીએ કહ્યું હતું.

મુંબઇ યુનિવર્સિટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર અને જનસંપર્ક અધિકારી લીલાધર બન્સોડએ જણાવ્યું હતું કે, લાઇબ્રેરીનું સ્થળાંતર નવી જગ્યાએ કેવી રીતે અને ક્યારે કરીએ તે વિશે વિચારણા કરી રહ્યા છીએ. જૂની બિલ્ડિંગની લાઇબ્રેરી વિશાળ છે અને નવી બિલ્ડિંગમાં લાઇબ્રેરીની ક્ષમતા ચકાસવાની બાકી છે.

આ કામ એક વર્ષ કરતાં પહેલા પૂર્ણ કરવામાં આવશે અને નવી લાઇબ્રેરીને કાર્યરત કરાશે. આ ઉપરાંત કલિના કેમ્પસનું સ્ટ્રક્ચરલ ઓડિટ પણ હાથ ધરવામાં આવ્યું છે, જેમાં જૂની લાઇબ્રેરીને સમારકામની જરૂર છે કે તેને પૂર્ણપણે બંધ કરીને નવું બાંધકામ કરવામાં આવશે તેની ખબર પડી જશે.

પાલિકાની વધુ ૩ હૉસ્પિટલમાં દર્દીઓની માહિતી ઓનલાઈન

મુંબઈઃ હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમ હેઠળ મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત વધુ ૩ હૉસ્પિટલમાં દર્દીઓના કેસ સ્ટડીને ઓનલાઈન રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અગાઉ પાઈલટ પ્રોજેક્ટ તરીકે પાલિકાની પાંચ દવાખાનામાં પ્રતિદિન આવતા દર્દીઓની તમામ માહિતી ઓનલાઈન રાખવાનું ચાલુ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ ઘણો ઉપયોગી સાબિત થતા પાલિકાએ નાયર હૉસ્પિટલ અને કસ્તુરબા હૉસ્પિટલમાં પણ તેને ચાલુ કર્યો હતો. હવે પાલિકાએ વધુ ત્રણ હૉસ્પિટલમાં દર્દીઓની તમામ માહિતી ઓનલાઈન કરવાનો નિર્ણય લીધો છે, તે મુજબ કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે.

પાલિકાની તમામ હૉસ્પિટલમાં દર્દીઓની બીમારી સહિત તેમની અંગત માહિતીને દસ્તાવેજોમાં સાચવવું મુશ્કેલ છે. તેથી હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમ હેઠળ દર્દીઓની કેસ હિસ્ટરી ઓનલાઈન રાખવું વધુ સગવડભર્યું હોઈ પાલિકાની હૉસ્પિટલ અને દવાખાનામાં આ સિસ્ટમને અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પાઈલટ પ્રોજેક્ટમાં મળેલી સફળતા બાદ પાલિકાએ હવે તેની પેરિફિઅરલ હૉસ્પિટલ જેવી કે ડૉ.આર.એન. કૂપર, રાજાવાડી અને શતાબ્દી હૉસ્પિટલમાં હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમને અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. પાલિકાના એડિશનલ કમિશનર ડૉ.અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે પાઈલટ પ્રોજેક્ટ નાયર હૉસ્પિટલમાં અમલમાં મૂક્યો હતો. પાલિકાના આરોગ્ય ખાતા પાસેથી મળેલી માહિતી મુજબ જૂન ૨૦૧૮થી ૮ મે, ૨૦૧૯ સુધીમાં ૨,૩૬,૫૩૮ દર્દીઓને હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમ હેઠળ નાયર હૉસ્પિટલમાં રજિસ્ટર્ડ કરવામાં આવ્યા છે અને કસ્તુરબા હૉસ્પિટલમાં હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમ હેઠળ આ સમયગાળામાં ૮૦,૯૬૧ દર્દીઓને રજિસ્ટર્ડ કરવામાં આવ્યા છે. આ બંને હૉસ્પિટલમાં તમામ આઉટડોર પેશન્ટ (ઓપીડી)માં હેલ્થ મૅનેજમેન્ટ સિસ્ટમ ચાલુ કરવામાં આવી છે. ■

સીએસએમટી પુલના ઑડિટર નીરજ દેસાઈના જામીનનો વિરોધ, મુંબઈ પોલીસની ઍફિડેવિટ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસને (સીએસએમટી)અડીને આવેલો હિમાલયા પુલનું સ્ટ્રક્ચરલ ઑડિટ ગંભીર રીતે કરવામાં આવ્યું હોત તો આ પુલ તૂટી ના પડ્યો હોત એવો દાવો કરીને મુંબઈ પોલીસે પુલનું ઑડિટ કરનારા ઑડિટર નીરજ દેસાઈના જામીનનો વિરોધ કર્યો છે. સીએસએમટી પુલ દુર્ઘટના પ્રકરણમાં હાલમાં જ આરોપપત્ર દાખલ થયું છે. ઑડિટર નીરજ દેસાઈએ જામીન માટે મુંબઈ સેશન્સ કોર્ટમાં દાખલ કરેલી અરજી પરની સુનાવણી કોર્ટે ૨૦ મે સુધી મોકૂફ કરી છે.

પુલનું ઑડિટ નીરજ દેસાઈની કંપનીએ કર્યું હતું અને કંપનીનો તે ડાયરેક્ટર હતો. કંપનીએ ડિસેમ્બર ૨૦૧૬માં પુલની હાલત બાબતે અહેવાલ આપ્યો હતો. પુલના સમારકામનું કામ એ પાલિકાના કમિશનરના નિર્દેશ મુજબ કરવામાં આવતું હોય છે. 'પુલ પર નવેસરથી બેસાડવામાં આવેલા ગ્રેનાઈટને કારણે આ બાંધકામને જોખમ નિર્માણ થયું હતું.' એવો દાવો નીરજ દેસાઈએ પોતાની જામીન માટેની અરજીમાં કર્યો છે પણ પુલની હાલત ખરાબ હોવા છતાં નીરજ દેસાઈએ પુલના ઉપયોગ માટે મંજૂરી આપી હોવાનો આરોપ પોલીસ તરફથી કરવામાં આવ્યો છે. નીરજ દેસાઈ મેકેનિકલ ઍન્જિનિયર હોઈ સ્ટ્રક્ચરલ ઑડિટના કામની તેને માહિતી છે. આ પ્રકારના ઑડિટ અત્યંત મહત્ત્વના હોય છે અને તેમાં જો કોઈ ભૂલ થાય તો નાગરિકોના જીવ સામે જોખમ નિર્માણ થઈ શકે છે. તેથી તે કયા પ્રકારે કરવા તેની પણ નીરજ દેસાઈને જાણ હતી. આવું હોવા છતાં તેણે જે પ્રકારે આ પુલનું ઑડિટ કર્યું તેમાં તેની બેદરકારી જણાઈ આવે છે અને તે કામ માટે ગંભીર ન હોવાનું જણાઈ આવ્યું હતું. આ કામ માટે તેણે સરકારનું ભંડોળ વાપર્યું હતું છતાં પુલ તૂટી પડતા તેમાં જાનહાનિ થઈ હતી. ■

સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનના માર્ગમાં આવતા ૩૬ વૃક્ષ કપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષે ચોમાસામાં ઘૂંટણભેર પાણીમાં ડૂબી જતા દાદરના હિંદમાતા પરિસરની સમસ્યાનો આ વર્ષે પણ ઉકેલ આવે એવું જણાતું નથી. અહીં રહેલી સ્ટોર્મ વોટર ડ્રેનેજ પાઈપલાઈનના વિસ્તારીકરણના કામ માટે અમુક વૃક્ષોને કાપવા પડવાના છે. આ બાબતને લગતો પ્રસ્તાવ ટ્રી ઑથોરિટીની બેઠકમાં મંજૂરી માટે બહુ જલદી આવવાનો છે.

બાબાસાહેબ આંબેડકર માર્ગ પર લગભગ અઢી હજાર મીટરની સ્ટોર્મ વોટર ડ્રેનેજ પાઈપલાઈનની ક્ષમતા વધારવાનું કામ ચાલી રહ્યું છે.

હિંદમાતા પરિસર રકાબી જેવો હોઈ તેને પૂરમુક્ત કરવામાં પાલિકા હજી સુધી સફળ થઈ નથી. તો સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનની ક્ષમતા સુધારવાને કારણે ચોમાસામાં પાણીનો નિકાલ જલદી થઈ શકે છે એવો દાવો પાલિકાના અધિકારી કરી રહ્યા છે પણ આ પ્રોજેકટ માટે ૩૬ વૃક્ષ કાપવા પડવાના છે, જેમાંથી ૧૬ ઝાડનું પુનર્રોપણ કરવામાં આવવાનું છે. જોકે આ વૃક્ષની છટણી કરવા માટે પાલિકાની ટ્રી ઑથોરિટીની મંજૂરી લેવી આવશ્યક છે.

હિંદમાતા પરિસરમાં લગભગ ૫૦ વૃક્ષોના મૂળિયા બ્રિટિશ સમયથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનના માર્ગમાં આવતા હોવાથી ચોમાસામાં અહીં પાણી ભરાઈ જાય છે. આ માર્ગને ખુલ્લો કરવા માટે અહીંની સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનનું રૂપાંતર બૉક્સ ડ્રેનેજમાં કરવામાં આવ્યું. તેથી પાણીનો ઝડપથી નિકાલ થવા માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનને બ્રિટાનિયા પંપિંગ સ્ટેશનને જોડવામાં આવી છે. ■